॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૬ સપ્ટેમ્બર ૧૯૮૫ અંક ૨

## વાલીઓને,

'શારદ' શરૂ થયું ત્યારે જ તેના હેતુની વાત કરતાં મેં જણાવ્યું હતું કે તેનો મુખ્ય હેતુ વાલી સાથેનો સંપર્ક છે. બાળકની જુદી જુદી શક્તિ બહાર લાવવાનું ઉપકારક કામ તો તે કરે જ છે.

મને જણાવતા આનંદ થાય છે કે ટી.વી. કાર્યક્રમના અમારા પ્રત્યાઘાત, ડોનેશન પ્રથાથી પ્રવેશ આપવાની પ્રથા સામેનો અમારો અભિગમ, બાળકને શાળાના કાર્યક્રમમાં ભાગ લેવાની તકો વિશેની અમારી વાત કે ટ્યુશન સંબંધી અમારા વિચારો અંગે પત્રો લખીને વાલીઓએ પોતાનાં પ્રતિભાવો દર્શાવ્યાં છે. અમને પણ એ વાતનો આનંદ છે કે 'શારદ' ચલાવવામાં અમારો હેતુ સફળ અને સાર્થક થયો છે.

આમ છતાં કદાચ એવું બનતું હોય કે કોઇક કોઈક વાલીને શારદ ન જ મળતું હોય, આ સંબંધી અમે એક સર્વે કરીને તે જાણવા ઇચ્છીએ છીએ. 'શારદ' આપને મળે છે કે કેમ ? આ માટે આ શારદ સાથે એક પરિપત્ર મોકલ્યો છે, જે પારપત્રમાં આપ, આપને શારદ મળે છે કે કેમ તે જણાવી પાછો મોકલી ઉપકૃત કરશો. સામાન્યતઃ શારદના છ થી સાત અંક વર્ષ દરમ્યાન અમે બહાર પાડી શકીએ છીએ. વેકેશન પડવાના અને ખૂલવાના સમયને અનુલક્ષીને તેની બહાર પડવાની તારીખમાં થોડો ફેરફાર થાય, પરંતુ શારદ જે માસમાં બહાર પડવાનું હોય તે સામાન્યત : ૨૦મી તારીખે બાળકોને આપવામાં આવે છે.

આ બાબતમાં અમને આપનો સહકાર અવશ્ય મળશે તેવી આશા છે.

દિનુભાઈના વંદન

## તોફાની ડબ્બુ

ઈડરના ડુંગરોમાં આછું આછું જંગલ છે. ત્યાં તળેટીના ભાગમાં વાંદરાઓનો પડાવ હતો. તેમાં લબ્બુ અને ડબ્બુ પણ તેમના માતા-પિતા સાથે રહેતા હતાં.

તળેટીના લીલાછમ ઝાડ ઉપર તેઓ રમતા. ઝરણાનું મીઠું પાણી પીતા અને ડુંગરોની કોતરોમાં સંતાકૂકડી રમતા. જ્યારે બન્ને વાનર ભાઇઓ રમવા જતાં ત્યારે મા તેમને સાવચેત રહેવાનું કહેતી અને પિતા બન્નેને બહાદુર બનવાનું કહેતા. મોટાભાઈ લબ્બુને માતા- પિતા બંન્નેની વાત સાચી લાગતી, પણ નાનકડાં ડબ્બુને માતાની સાવચેત રહેવાની વાત ગમતી નહિ. આથી સાવચેતીથી રમતા લબ્બુ ને તે કયારેક બીકણ કહીને ખીજવતો.

એક દિવસ સાંજે રોજની જેમ બંન્ને ભાઇઓ દૂરના ડુંગરોની તળેટીમાં રમવા ગયા. ત્યાં એક સુથારે મોટા ઝાડનું થડ કાપીને પથ્થરને ટેકવીને ત્રાંસુ મૂક્યું હતું. થડને બરાબર વચ્ચેથી ઊભુ ચીરવાની તેણે શરૂઆત કરી. થોડું ચીરાઇ ગયા પછી સાંજ પડવાને કારણે તેણે તે કામ અધુરું રાખ્યું અને ચીરાને ખુલ્લો રાખવા વચ્ચે લાકડાની ગટ્ટી મારી.

ડબ્બુ ભાઇને આવું લીસ્સું ગોળ મજાનું લાકડું જોઇને ખૂબ આનંદ થયો. તે તો લાકડા ઉપર નાચવાને કુદવા લાગ્યો લબ્બુએ તેને ચેતવ્યો, કે બહુ અજાણી વસ્તુ સાથે રમવું નહિ, પણ ડબ્બુભાઇએ આનંદના નશામાં તેની વાત માની નહિ. તે તો લાકડાની તીરાડ વચ્ચે પૂંછડું લટકાવીને લપસણી ખાવા લાગ્યો. આ દરમ્યાન સુથારે તીરાડની વચ્ચે રાખેલી લાકડાની ગટ્ટી નીકળી ગઈ, અને બીડાઈ ગયેલી તીરાડમાં ડબ્બુભાઈની પૂંછડી ફસાઈ ગઇ. ડબ્બુભાઈની આંખમાંથી ડબ ડબ આંસુ પડવા માંડયા લબ્બુ તેની પાસે આવ્યો અને વહાલથી તેને માથે હાથ ફેરવવા લાગ્યો. તે દરમ્યાન અંધારું થવા માંડયું. ડબ્બુ અંધારાથી ખૂબ બીતો હતો. લબ્બુને બરાબર પકડીને તે બેઠો હતો. ડબ્બુને યાદ આવ્યું કે રાત્રે ડુંગરની તળેટીમાં વાઘ આવે છે, આથી તે વધુ ડરવા લાગ્યો.

(અનુસંધાન પાન ૪ ઉપર)

## બાલમંદિર

તા. ૨૨-૮-૮૫ને ગુરૂવારે બાલમંદિરના બાળકોએ અને શિક્ષકોએ સ્થાપનાદિનની ઉજવણી અતિ આનંદ અને ઉત્સાહથી કરી. અગાઉથી જણાવ્યા પ્રમાણે બાળકો શાળાએ આવ્યા ત્યારે હાથમાં ફૂલ,, હાર, તોરણ, ઉત્સાહ-પૂર્વક લાવી લાવીને પોતાના વર્ગશિક્ષકને આપવા માંડ્યા. બાળકોએ અને વર્ગશિક્ષકે સાથે રહી પોતપોતાના ઓરડા શણગાર્યા, રંગોળી પૂરી, તોરણ બાંધી ફુગ્ગાઓ તથા રંગ-બેરંગી કાગળની પટ્ટીઓથી સુશોભન કર્યું. દરેક જણને એવો ઉત્સાહ હતો કે કંઇક નવું કરીએ.

આ નાના બાળકોએ વર્ગમાં પૂરાયેલી રંગોળી આખા દિવસ દરમ્યાન ખૂબ સાચવીને રાખી. સંગીત સમયે ગરબા તથા ગીતોની રમઝટ જામી. બાળકોએ હાથમાં વાવટા લઈ ને **"શારદમાના બાળ"ની** કૂચ ઉત્સાહભેર કરી.

નાસ્તા સમયે તાલીમ મંડળીના બાળકોએ લાડુ અને ફૂલવડી નિરાંતે ખાધા, બાલમંદિરના બાળકોએ શીરો અને શાકની મોજ માણી. આખાયે બાલમંદિરમાં ચોમેર ઉલ્લાસ અને આનંદનું વાતાવરણ ગુંજતું રહ્યું.

બપોર પછી શ્રી ચંદ્રકાંતભાઈ બકુભાઈ તથા શ્રી હિતુભાઇ અને શ્રી ઉર્મિબેન બાલમંદિરની મુલાકાતે આવ્યા. અને બાલમંદિરની પ્રવૃત્તિ નજરે નિહાળવાનો આનંદ માણ્યો.

તા. ૧૭-૮-૮૫ને શનિવારે બાલમંદિર બ વિભાગના બાળકોએ લો ગાર્ડનનો પ્રવાસ કર્યો, તા. ૨૪-૮-૮૫ને શનિવારે તાલીમ મંડળીના બાળકોએ લો ગાર્ડનના પ્રવાસનો આનંદ માણ્યો.

તા. ૧૩-૯-૮૫ને શુક્રવારે ૪ વાગે Indian Association of Pre-primary Educationની નવા વર્ષની પ્રથમ મીટીંગ શારદામંદિરમાં મળી હતી. આ પ્રસંગે બાલમંદિર તરફથી બાલમંદિરના સંગીતનું નિદર્શન શિક્ષિકા બહેનોએ રજૂ કર્યું આ પ્રસંગે શ્રી જયશ્રીબેન મહેતાની પ્રમુખપદ માટે વરણી કરવામાં આવી અને આપણી સંસ્થાનાં શ્રી સ્મીતાબેન ઝવેરીની ખજાનચી તરીકે નિમણુંક કરવામાં આવી.

### અગત્યની સુચના

બાળકને વહેલા બોલાવનાર વાલીએ માણસ સાથે ચિઠ્ઠી મોકલવી અને નવો માણસ લેવા આવે ત્યારે પણ તેને અવશ્ય ચિઠ્ઠી આપશો, જેથી બાળકને તેને સોંપવાની અમને સમજ પડે.

જ્યોત્સનાબેન શોધન

## શિશુમંદિર

ઈતરપ્રવૃતિઓને અનુલક્ષીને જુનીયર વિભાગનાં આંતરગૃહના નેતાઓની નિમણુંક નીચે પ્રમાણે કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| ગંગોત્રી | ભાઇઓ | દર્શન શાહ | ૭ अ |
| | બહેનો | રૂપા શાહ | ૭ क |
| મેઘનાદ | ભાઇઓ | તેજસ મહેતા | ૭ ब |
| | બહેનો | શિમૂલ સુતરીયા | ૭ ब |
| ધવલગિરિ | ભાઇઓ | કલ્પેશ પટેલ | ૭ क |
| | બહેનો | પાયલ શાહ | ૭ क |
| રત્નદીપ | ભાઇઓ | ઉમંગ રાતીયા | ૭ ब |
| | બહેનો | શ્રધા દેસાઇ | ૭ ब |

તા. ૨૨-૮-૮૫નાં રોજ સંસ્થાનાં સ્થાપનાદિન નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ જેના પરિણામો નીચે મુજબ છે.

**વર્ગ સુશોભન હરીફાઇ :-**

ધો. ૧ થી ૪ (૧) ધો. ૪ ब (૨) ધો. ૧ ब (૩) ધો. ૨ व
ધો. ૫ થી ૭ (૧) ધો. ૫ ब (૨) ધો. ૬ क (૩) ધો. ૭ ब

**ચિત્ર હરીફાઈ :-**

ધો. ૧ (૧) હાર્દિક પ્રકાશભાઇ ૧ क (૨) ઋત્વિક દવે ૧ अ (૩) વિશાલ ગજ્જર ૧ ब
ધો. ૨ (૧) સોહમ દ્વિવેદીયા ૨ ब (૨) પરાગી દોશી ૨ अ (૩) નીરલ પટેલ ૨ क
ધો. ૩ (૧) ઉષ્મા મહેતા ૩ ब (૨) સુજલ મુન્શી ૩ क (૩) શર્વરી શાહ ૩ अ
ધો. ૪ (૧) શાશ્વત બ્રહ્મભટ્ટ ૪ ब (૨) કોમલ બોડીવાલા ૪ क (૩) જયન પાઠક ૪ अ
ધો. ૭ (૧) ચિનાર ઠાકોર ૭ ब (૨) રૂપા શાહ ૭ क (૩) ક્ષમા દેસાઈ ૭ ब

**હિન્દી સુલેખન સ્પર્ધા :-**

ધો. ૫ (૧) ગૌરવી મરચંટ ૫ ब (૨) નમિતા શાહ ૫ ब (૩) અનાર કઠિયારા ૫ ब
ધો. ૬ (૧) રૂચિ શાહ ૬ अ (૨) હેમા શાહ ૬ ब (૩) કમલ સંઘવી ૬ अ

**સુલેખન સ્પર્ધા :-**

ધો. ૧ (૧) ૧ રત્ના દવે ૧ ब (૨) અંતરા દેસાઈ ૧ क (૩) હિરેન પટેલ ૧ अ
ધો. ૨ (૧) મૌલિક ઉપાધ્યાય ૨ अ (૨) આનન કોન્ટ્રાકટર ૨ क (૩) પૂજા ચોકસી ૨ ब
ધો. ૩ (૧) સજની શાહ ૩ क (૨) અવની અધ્વર્યુ ૩ अ (૩) રાજવી શાહ ૩ ब
ધો. ૪ (૧) શર્વરી ભટ્ટ ૪ अ (૨) પાયલ પંડયા ૪ ब (૩) સેજલ દલાલ ૪ क

**નિબંધ સ્પર્ધા :-**

ધો. ૭ (૧) ચિનાર ઠાકોર ૭ ब (૨) સમીપા શાહ ૭अ (૩) નીલુ દવે ૭ ब

**કુમુદભાઇ શાહ**

## વિનયમંદિર

### શિક્ષકદિન

તા. ૫મી સપ્ટેમ્બરનો દિવસ આપણા દેશમાં 'શિક્ષક દિન' તરીકે ઉજવાય છે. આ દિવસ આપણાં ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખ સ્વ. ડૉ. રાધાકૃષ્ણન્‌ની સ્મૃતિમાં ઉજવાય છે. તેઓ માત્ર ભારતનાં જ નહિ પરંતુ વિશ્વના એક મહાન વિદ્વાન અને તત્વચિંતક હતા તેઓ અધ્યાપકમાંથી રાષ્ટ્રપ્રમુખનાં સ્થાને પહોચ્યાં હતા. આ વિશ્વવંદનીય વ્યક્તિને સન્માનવા તેમ જ તેમનાં પ્રત્યેનાં આદરભાવનું ઋણ ચૂકવવા આ દિવસ 'શિક્ષક દિન' તરીકે ઉજવાય છે.

ખરેખર શિક્ષક એ રાષ્ટ્રનો ઘડવૈયો છે. સાચો શિક્ષક કયારેય દીન નથી. વિદ્યાર્થીમાં સત્ય,શિસ્ત,પ્રમાણિકતા નિયમિતતા. સાંધિકબળ વગેરે સદ્‌ગુણો ખીલવવામાં શિક્ષકનો ફાળો નાનોસૂનો નથી. અને આ રીતે જોતાં તો સમગ્ર વિશ્વ શિક્ષકનું ઋણી છે જ, આવા શિક્ષકની, ટીકા, નિંદા કે અપમાન કેમ કરાય! વિદ્યાર્થીઓએ ગુરુજનો પ્રત્યે અતિમાન અને સદ્‌ભાવની લાગણી કેળવવી જોઇએ દુનિયામાં શિક્ષકનું સાચું મહત્વ ઉલ્લેખતી આ અંગ્રેજી ઉક્તિ સુંદર અને સાચી છે.

"God can't teach everyone, So
He has created the teachers"

॥ तस्मै श्री गुरवे नमः ॥

### અભિનંદન

તા. ૧૫-૮-૮૫નાં રોજ યોજાયેલ એર. રાઈફલ શુટીંગ સ્પર્ધામાં આપણી શાળામાં ધો. ૧૨ કોમર્સમાં અભ્યાસ કરતાં ચિ. વિતરાગ ભીખાભાઇ શાહને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરવા બદલ અભિનંદન.

### આંતરગૃહ નેતાઓની નિમણૂંક

ઇતરપ્રવૃત્તિને અનુલક્ષીને સિનિયર વિભાગના આંતરગૃહનાં નેતાઓની નિમણુંક નીચે પ્રમાણે કરવામાં આવી છે

| ગૃહ | | ગૃહનેતા |
|---|---|---|
| પદ્મપુકુર | ભાઇઓ | શીતલ માનકર |
| | બહેનો | ડીપા શાહ |
| મેઘદૂત | ભાઇઓ | સંજય શાહ |
| | બહેનો | મૌશુમી કોન્ટ્રાકટર |
| ગીત ગોવિંદ | ભાઇઓ | મૌલિક પટેલ |
| | બહેનો | પાર્થિવી અધ્યારૂ |
| ચંદ્રમૌલી | ભાઇઓ | સચીન શાહ |
| | બહેનો | માલા ગાંધી |

**દેવેન્દ્રભાઇ ઠાકર**

## "નમે એ સૌને ગમે"

"માનસી ખરી નસીબદાર છે તું તો.... આજે તને કેટલા પ્રમાણપત્રો મળ્યાં? મને જો આટલા પ્રમાણપત્રો મળે તો હું તો ગાંડી ગાંડી થઈ જાઉં, જાતજાતની સ્પર્ધામાં વિજેતા, કમાલ કરી તેં તો...."

"ખરી વાત છે નીપા,.... આપણી બહેનપણી એટલે મનેય ગર્વ થયો.... પણ એક વાત કહું?,,.... સ્મીતાએ ખચકાતે સ્વરે કહ્યુ.

"કહેને એમાં શું?..." ને સ્મીતાએ કહ્યું, "માનસી, તું પ્રમાણપત્ર લેતી વખતે નમીને પગે કેમ નહોતી લાગતી?.... પ્રમાણપત્ર લેવું એ તો ગર્વની વાત છે, તેમાં આમ ખચકાતી, શરમાતી કેમ હતી?.... સરસ રીતે નમીને પ્રણામ કરીને પ્રમાણપત્ર લીધું હોય તો કેવું સરસ લાગે!...."

"જા, જા તુંય કેવી વાત કરે છે?.... કોઈ વડીલને હસ્તે ઇનામ લેવાનુ હોય તો પગે લાગીએ, પણ મહામંત્રીને હાથે પ્રમાણપત્ર અપાતુ હોય તો કેવી રીતે પગે લગાય? આપણી જ સાથે ભણતો કે કદાચ આપણાથીય પાછળ ભણતો એ વિદ્યાર્થી, વિદ્યાર્થીની હોય તો યે ઠીક.... એ....મ નીચા નમીને પગે લાગીને પ્રમાણપત્ર લેતાં શરમ ન લાગે? એ તો તારે લેવાનું હોય ને તો ખબર પડે...." માનસીએ તેના મનની મૂંઝવણ વ્યક્ત કરી.... મારે આવી મૂંઝવણભરી પરિસ્થિતિમાં મૂકાઈ જતાં વિદ્યાર્થી ભાઈબેનોને એક જ વાત કહેવી છે....

ઈનામ કે પ્રમાણપત્ર જ્યારે આપવામાં આવે છે ત્યારે તમારી કોઇને કોઈ શક્તિનું અભિવાદન કરવામાં આવે છે અને જ્યારે આ શક્તિને બિરદાવવામાં આવતી હોય ત્યારે જેટલો વિવેક દર્શાવાય તેનાથી તમારુ વ્યક્તિત્વ તમારી શક્તિ, સફળતા વધુ ઝળકે....વિદ્યા વિનયથી શોભે છે, અને એ વિનય વ્યક્ત કરવાની તક મળે ત્યારે સંકોચ કે શરમ શાને માટે? ઈનામ કે પ્રમાણપત્ર વિતરણ કરનાર જે કોઇ વ્યક્તિ હોય તે માનને યોગ્ય જ ગણાય.... પછી તે પાંચવર્ષનું બાળક કેમ ન હોય!

માન આપવાથી આપણને માન મળે છે, આપણું પોતાનું માન વધે છે....

'નમે એ સૌને ગમે' એ શું સત્ય નથી?....

**ઊર્મિલા શાહ**

## વૃક્ષની આત્મકથા

" અરે! આ શાની ધમાલ? આ શાંતિપ્રિય અમદાવાદમાં આ ધમાલ શાની? શું આ શોભે છે?

અરે! આતો વિદ્યાર્થીઓ ના, ના, આતો નવયુવાનો પણ છે. આવતી કાલની પેઢીનાં ઘડવૈયા પણ છે, શું છે આ બધું ?

"હરિયાળી છે તો ઉજાયાળી છે.
વૃક્ષ શહેરનો પ્રાણ છે,
વૃક્ષ શહેરની શોભા છે"

"અમે અહીં ફાઈવસ્ટાર હોટલ નહીં થવા દઈએ. 'ચીપકો' આંદોલન ચલાવીશું."

હે ભગવાન! હું, તો ખોટું મૂંઝાઇ ગયું, આ લોકો તો મને જીવંત રાખવા માટે જ આ લડત ચલાવી રહ્યા છે હવે સમજ પડી ને? કે હું કોણ છું? હું છું ગુજરાત કોલેજની સામે આવેલી નર્સરીનું, સરસ મજાનું, ઘટાદાર ગુલમહોર વૃક્ષ, આ નવયુવાનો અને વિદ્યાર્થીમિત્રોને અમારે માટે આ લડત આપતાં જોઈ મારી છાતી ગજગજ ફૂલી અને પવનની મદદ લઇ મેં મારા પાંદડા હલાવી, મારો, સાચા હૃદયનો આભાર વ્યક્ત કર્યો, એ યુવાનોને બિરદાવ્યા.

મારો ભૂતકાળ, આશરે પંદર વર્ષ પહેલાં વનમહોત્સવના દિવસની એક સુંદર સવારે, મને એક નેતાના હાથે આ ધરતી પર રોપવામાં આવ્યું. તૈયાર કરેલા ક્યારામાં તેમણે મને રોપ્યું ને તેમનું કાર્ય પૂરૂં થયું, પછી તો મારી સારસંભાળ માળીકાકાએ પ્રેમપૂર્વક શરૂ કરી દીધી. હાં મને રોપ્યું ત્યારે પેલા નેતાએ અભિનેતાની અદાથી ઝારી વડે મને પાણી પાયું ખરૂં, પણ પછી તો મેં કદીય એ નેતાને મારી તરફ ડોકાતા જોયાં જ નથી. માળીકાકાનાં અવિરત શ્રમ, પ્રેમ અને કાળજીને કારણે જ આજે હું આટલું ફાલ્યું છુ, ફુલ્યું છું, પાંગર્યું છું. માળીકાકા પાન ખાતાં જાય, મન ફાલતુ જોઈ ફુલાતાં જાય ને પાનથી રંગાયેલાં તેમનાં મુખનાં એ લાલ રંગ જેવા જ મારા ફુલનો પણ રંગ થવા માંડયો ઉનાળામાં હું કરમાઇ ન જાઉં, ચોમાસામાં ઘસડાઈ ન જાઉં તે માટે તેમણે સતત મારું લાલનપાલન કર્યા કર્યું છે, મારા ઉપર સૌ પ્રથમ જ્યારે લાલ કેસરી ફૂલ ફૂટયાં ત્યારે માળીકાકાનાં આનંદનો પાર ન હતો.

સાંજ પડયે મારી છાયામાં નાના બાળકો ખીલખીલાટ હસતાં, રમતાં, કૂદતાં, ત્યારે મને ખૂબ આનંદ થતો. પર્યટને આવેલાં બાળકો કુદકા મારી મારા ફૂલ તોડી ખુશ થતાં જોઉં ત્યારે મારા આનંદનો કોઇ પાર ન રહેતો. પક્ષીઓ તો જાણે મારાં સ્વજન જ બની ગયાં છે. તેઓ મારા પર બેસી પાંખ ફફડાવે ને મારા અંગેઅંગે હર્ષ થાય. પંખીઓના નાજુક પગના સ્પર્શથી અને હુંફાળી પાંખોના ફફડાટથી મારું સુપ્રભાત થાય.... ક્યાં એ અવાજની મીઠાશ ને ક્યાં પેલા માનવી અને મોટરોનો કર્કશ કોલાહલ....!

મારા છાંયે બેસી પેલા મછામાં પાણીની પરબ માંડે ને આવતાં જતાં લોકો, વિદ્યાર્થીઓ સૌ કોઇનો હુ વિસામો બનું, મારું આ સદ્ભાગ્ય, એ બદલ હું ઇશ્વરને સતત પ્રાર્થના કરું છું કે હજી મને સેવા કરવાની વધુને વધુ તક આપ

વિજ્ઞાનનાં કહેવા મુજબ હું વરસાદ ને ખેંચી લાવવામાં અને હવાનાં પ્રદૂષણને અટકાવવામાં ઘણી મદદ કરું છું.

પરતું ...પેલા નેતાજી....જેણે મને આ ધરતી પર માન ભરી રીતે સ્થાન આપ્યું એ જ આજે મારું નિકંદન કાઢી ત્યાં ફાઇવસ્ટાર હોટલ બનાવવા તૈયાર થયા છે! શું રક્ષક જ ભક્ષક બન્યાં! માળીકાકા તો બિચારા સાવ ભાંગી જ પડયાં છે. 'વૃક્ષ વાવો' ની ઝુબેશ ચલાવતા એ નેતાને શું આજે ફાઈવસ્ટાર હોટલનું ઘેલું લાગ્યું ? શું નેતાઓનાં મૂલ્યો પાણી પર લખેલા અક્ષર જેવાં હોય છે! મને મારા અસ્તિત્વની ચિંતા છે. ધડકતા હૃદયે હું આજે ઊભુ છુ, પણ ધન્ય છે. મારા એ નવયુવાન મિત્રોને કે જેમણે આંદોલન ચલાવી મને જીવતદાન બક્ષ્યું. ગાંધીજીનું ગુજરાત ને તેમાં પણ અમદાવાદ, ખુમારી અને ટેકવાળુ તો ખરૂં જ. બસ, મારી રહી સહી જીંદગી આમ જ રીતે કિલ્લોલ કરતી અને સૌ કોઈને સહારો આપતા વીતે એવી મારી અંતરની ઇચ્છા છે.

રે પંખીડા સુખથી ચણજો
ગીતડાં કાંઈ ગાજો,
રે બાળુડા, દિલથી રમજો
મીઠડાં ગાન ગાજો....

**નીલુ દવે ૭ બ**

તોફાની ડબ્બુ અનુસંધાન પાન ૧નું ચાલુ

બંને દિકરાઓની રાહ જોઇને તેમના માતા–પિતા તેમને શોધતાં શોધતાં ત્યાં આવી પહોંચ્યા; પણ અંધારામાં તેઓ લબ્બુ અને ડબ્બુને શોધી શકયા નહિ. વાઘની બીક હોવા છતાં તેમને આખી રાત ત્યાંજ ગાળવી પડી

સવારે સુથારે આવીને લાકડામાં પાછી ગટ્ટી મારી ત્યારે માંડ ડબ્બુભાઈની લોહીલુહાણ થયેલી પૂંછડી છૂટી થઈ.

ડબ્બુભાઇને માતા–પિતાની શિખામણની સચ્ચાઇ સમજાઇ ગઈ.

**વૈશાલી હરેન્દ્રભાઈ રાવલ ૫ क**

## શ્રદ્ધાજંલી

સંસ્થામાં ઘણા વર્ષો સુધી એકનિષ્ઠાથી સેવા આપનાર પટાવાળા ગુલાબજીનું દુઃખદ અવસાન થયુ છે, તેની સંસ્થા સખેદ નોંધ લે છે. ઇશ્વર સ્વર્ગસ્થનાં આત્માને શાંતિ આપે તે જ પ્રાર્થના.

તંત્રી, મુદ્રક, પ્રકાશક : ક્રિતુભાઇ દ. દવે આચાર્ય અને નિયામક
શારદામંદિર, નવા શારદામંદિર રોડ, અમદાવાદ–૩૮૦૦૦૭
મુદ્રક સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ-૭.